સે-૨૧ ક્રિકેટ સ્ટેડિયમના નવિનીકરણ માટે વધુ ૪૫ કરોડની દરખાસ્ત

બ્લોક તેમજ ખેલાડીઓના રૂમમાં ફર્નિચર બનશે : ફેઇઝ ટુ અન્વયે નોર્થ સાઉથ બ્લોક તેમજ લેન્ડ સ્કેપીંગનુ કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૦

સે-૨૧ ક્રીકેટ સ્ટેડિયમને અનુલક્ષી ટુંકમનાં ફેઇઝ ટુ નુ કામ હાથ ધરવા માટે તંત્ર કક્ષાએથી દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સ્ટેડિયમની પીચના કામ બાદ હવે સ્ટેડિયમની બેઠક વ્યવસ્થાનુ કામ હાથ ધરાશે આ ઉપરાંત ખેલાડીઓના રૂમમાં ફર્નિચર તેમજ નોર્થ સાઉથ બ્લોક અને લેન્ડ સ્કેપીંગ સહીતનુ કામ હાથ ધરાશે. સ્ટેડિયમની કામગીરી પણ કોરોના કાળમાં વિલંબમાં પડી છે. ત્યારે હવે ફેઇઝ ટુ ની કામગીરી પણ ઝડપથી હાથ ધરવા માટે આયોજન થઇ રહ્યુ છે.

સે-૨૧ જીમખાનામાં ક્રિકેટ મેદાન તૈયાર કરી દેવાયુ છે. અલબત્ત ક્રીકેટ પીચ તૈયાર થઇ ગઇ છે. પીચ તૈયાર કરવા માટે પણ અગાઉ આંતરરાષ્ટ્રીય કક્ષાના પીચ નિષ્ણાતોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો જયારે પીચ તૈયાર કરી દેવાયા બાદ ફેઇઝ વનની કામગીરીના અંતે ફેઇઝ ટુ ની કાર્યયોજના પણ તૈયાર કરવામાં આવી છે. જયારે આ પ્રોજેકટ અન્વયે પીચ તૈયાર કરાયા બાદ હવે મેદાનમાં નોર્થ અને સાઉથ બ્લોકનુ કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સ્ટેડિયમની બેઠક

● અનુસંધાન પાન-૭ પર

ચાર વર્ષના અંતે પેથાપુર-મહુડી માર્ગનુ પેવર કામ હાથ ધરાશે

પ્રવાસન પથમાં ૩૬ કી મી ના પેવર કામ પાછળ રૂ ૪૩ કરોડનો ખર્ચ કરાશે : સરકારી પ્લાન્ટમાંથી કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૦

પેથાપુર મહુડી માર્ગની દશા ખરાબ છે. જેના લીધે લાંબા સમયથી આ માર્ગની સરફેસનુ કામ હાથ ધરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. અંદાજિત ૩૬ કી મી ના આ માર્ગનુ પેવર કામ હાથ ધરવા માટે દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૩ કરોડનો ખર્ચ કરાશે જયારે આ કામ સરકારી પ્લાન્ટના આધારે હાથ ધરાશે. પેથાપુર મહુડી માર્ગ પર આમ પણ ટ્રાફિકનુ પ્રમાણ વધુ રહે છે.ત્યારે છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી હતી.

ગાંધીનગર પેથાપુર મહુડી માર્ગ છેલ્લા ઘણાં સમયથી ઉબડ ખાબડ બન્યો છે. અલબત્ત માર્ગની સરફેસ ખરબચડી બનતા પ્રવાસન પથ પરથી પસાર થતા રોજના સેંકડો વાહનચાલકોને પણ પરેશાની વેઠવી પડે છે. અંદાજિત ૪ વર્ષ અગાઉ આ માર્ગનુ કામ હાથ ધરાયુ હતુ જયારે વરસાદી દિવસોના અંતે માર્ગ વધુ ખરાબ થઇ ગયો છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા છેલ્લા છ મહીનાથી વધુ સમયથી આ માર્ગના સરફેસનુ કામ હાથ ધરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે લાંબા સમયના અંતે આખરે વિભાગ દ્વારા આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોની જાહેરાત ન કરતાં કાર્યકરોમાં ઉચાટ

યાદી જાહેર કરતાં પૂર્વે ભાજપે ડેમેજ કંટ્રોલ શરૂ કર્યુ : કોંગ્રેસમાં ચાલતી આંતરિક લડાઈને લઈ ૧૦ બેઠકો પર પેનલ બનાવી પ્રદેશ સમિતિને નિર્ણય લેવા જણાવ્યુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો બળવાની સ્થિતિને ખાળવા માટે આજે પણ ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર ન કરતાં રાજકીય કાર્યકરોમાં ઉચાટની લાગણી જન્મી છે.

જિલ્લામાં ૧૮૨ બેઠકોના ઉમેદવારોની યાદી તૈયાર થઈ શકી નથી. બન્ને પક્ષો દ્વારા કવાયત ચાલી રહી હોવાનું ગાણુ ગાવામાં આવી રહ્યું છે.

ભાજપમાં પણ ઉમેદવારોની પસંદગીને મુદ્દે જે મડાગાંઠ ઉભી થઈ છે તેને લઈ જિલ્લાના આગેવાનો દ્વારા ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરાઈ છે. જો કે સત્તાવાર રીતે પક્ષના કોઈ આગેવાન આ મુદ્દે કંઈ કહેવાથી દૂર રહ્યા છે.

મળતી વિગતો મુજબ દહેગામમાં ઉમેદવારોની પસંદગીને મુદ્દે ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ અને જિલ્લાના આગેવાનો વચ્ચે હુસાતુંસી થતાં તેઓ કમલમ્ કાર્યાલય છોડી ગયાની વાતો લોકમુખે ચર્ચાતી સાંભળવા મળી છે.

ભાજપમાં ઉમેદવારોની પસંદગી અંગે કોઈ જ ખેંચતાણ કે રસાકસી હોવાનો જિલ્લા આગેવાનો ઈન્કાર કરી રહ્યા છે. આ આગેવાનોના મત અનુસાર પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં આગેવાનો રજુઆત કરી ચુક્યા છે અને પ્રદેશ કક્ષાએથી એકાદ દિવસમાં ઉમેદવારોની પસંદગીની યાદી જાહેર કરવામાં આવશે.

બીજી તરફ કોંગ્રેસના આગેવાનો પણ ગુપ્ત બેઠકો કરી અને ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા આટોપવાના મૂડમાં છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની ૧૦ જેટલી બેઠકો પર પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ૧૦ બેઠકો પર ૩ નામની પેનલ બનાવી પ્રદેશ સમિતિ પર ઉમેદવારોની પસંદગી અંગેનો નિર્ણય લેવામાં આવશે.

કોંગ્રેસ ઉમેદવારોની યાદી જાહેર નહિ કરે પણ ઉમેદવારીપત્ર ભરાઈ ગયા બાદ તેની સત્તાવાર જાહેરાત કરશે તેવી વાતો પણ કાર્યકરોમાં ચાલી રહી છે.

ઉમેદવારી પત્ર ભરવાની આડે હવે માત્ર ૩ જ દિવસનો સમય બાકી છે. જો કે જેમના નામની પસંદગી કરાઈ છે તેમને તૈયાર રહેવાની સૂચનાઓ આપવામાં આવી રહી હોવાનું બન્ને પક્ષોના સૂત્રો કહી રહ્યા છે.

ભાજપ આજથી રાજ્યભરમાં ચૂંટણી પ્રચારનું બ્યૂગલ ફૂંકશે

ગાંધીનગર, તા. ૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાજપ ૧૧ ફેબ્રુઆરી એટલે કે આવતીકાલથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે. મળતી માહિતી પ્રમાણે ગુરૂવારે મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ સીધા ચૂંટણી પ્રચારમાં જોડાશે. મહાનગરપાલિકા માટેનો ચૂંટણી પ્રચારનો પ્રારંભ અમદાવાદથી થશે. એટલું જ નહીં, સરકારના મંત્રીઓ અને પ્રદેશ હોદ્દેદારો પણ પ્રચારના મેદાનમાં ઉતરશે. આ દરમિયાન તમામ ૬ મહાનગરપાલિકામાં ભાજપના ઉમેદવારો જનસંકલ્પ લેશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વધુ ૧૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

કલોલ તા.પં. માટે ૭, માણસા તા.પં. ૨, માણસા ન.પા. માટે ૨, જિલ્લા પંચાયતની લોદરા બેઠક માટે ૧ ઉમેદવારી પત્ર ભરાયુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આજે વધુ ૧૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જો કે હજુ પણ ઉમેદવારીપત્રો લેવા માટે ચૂંટણી લડવા ઈચ્છુકોનો ધસારો યથાવત રહ્યો છે.

જિલ્લામાં આજે સૌથી વધુ કલોલ તાલુકા પંચાયતમાં ૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ પછી માણસામાં જિલ્લા પંચાયતની લોદરા બેઠક માટે આજે પહેલુ ફોર્મ ભરાયુ છે. માણસા નગરપાલિકાની પેટા-ચૂંટણી માટે ૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ ઉપરાંત માણસા તાલુકા પંચાયત માટે ૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

જિલ્લા તાલુકા પંચાયત તેમજ બે નગરપાલિકા કલોલ-દહેગામ અને માણસાની પેટા-ચૂંટણીને લઈ ચૂંટણી લડવા ઈચ્છુકો દ્વારા સતત ફોર્મ જે રીતે ઉપાડવામાં આવી રહ્યા છે તે જોતાં આ જંગ બહુકોણીય થશે.

કલોલ નગરપાલિકા માટે આજે વધુ ૫૩ ફોર્મ ચૂંટણી લડવા આતુર ઉમેદવારો લઈ ગયા છે. ગાંધીનગર તાલુકામાં જિલ્લા પંચાયતની બેઠકો માટે આજે વધુ ૧૭ ફોર્મ ગયા છે. દહેગામમાં પણ ૮૪ જેટલા ફોર્મ તાલુકા જિલ્લા માટે ગયાનું જાણવા મળેલ છે. માણસામાં આજે વધુ ૪૦ જેટલા ફોર્મ ગયા છે.

ઉમેદવારીપત્ર ભરવા માટે હવે ૩ દિવસ બાકી છે. શુક્રવાર અને શનિવારે ઉમેદવારી પત્રો ભરવા માટે ભારે ધસારો રહેવાની સંભાવનાને પગલે તંત્રએ આ એગેની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ચૂંટણી અધિકારીની ઓફિસે આ અંગે ખાસ પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવશે.

જિલ્લામાં હજુ બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોએ ઉમેદવારોની પસંદગી આખરી નહિ કરી હોવાથી રાજકીય કાર્યકરોના જીવ ઉચાટ અનુભવી રહ્યા છે. જિલ્લામાં આજ સુધીમાં હજુ સુધી ૧૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

જ્યારે રાજ્યની ૬ મહાનગર પાલિકાઓમાં ચૂંટણી લડવા ૨૨૯૯ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં અમદાવાદમાં ૭૭૧, વડોદરામાં ૨૮૭, સુરતમાં ૪૮૪, જામનગરમાં ૨૩૬, રાજકોટમાં ૩૧૦ અને ભાવનગરમાં ૨૧૧ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે હવે ગુજરાતમાં મનપાની ચૂંટણી માટે પ્રચારનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

જિલ્લામાં ૭ નવા કેસ

ગાંધીનગરમાં બે કેસ અને કલોલમાં ૧ કેસ નોંધાયો : સે. ૧૪, ૪, ૨૨ અને ૨૩ માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૭ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૪ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં બે અને કલોલમાં એક કેસ નોંધાયો છે. આજે નોંધાયેલા ૩ કેસમાં એક દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં સીઆરપીએફ કેમ્પ લેકાવાડામાં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે બીજો કેસ કુડાસણમાં નોંધાયો છે. કલોલ તાલુકાના બાલવા ગામેથી ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે અત્યાર સુધીમાં ૪૦૩૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૪૦૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

શહેરમાં આજે ૪ નવા કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસોમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે સંક્રમિત થનારાઓમાં સરગાસણ સ્થિત ખાનગી રેલવે કંપનીના જુનિયર એક્ઝીક્યુટીવ, વેપારીનો સમાવેશ થાય છે.

આજે સે. ૧૪, ૨૨, ૪ અને ૨૩ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER 2020

(Rs. in Lakhs)

Sr. No.	Particulars	Standalone Results			Consolidated Results		
		Quarter ended 31/12/2020 (Unaudited)	Nine Months ended 31/12/2020 (Unaudited)	Quarter ended 31/12/2019 (Unaudited)	Quarter ended 31/12/2020 (Unaudited)	Nine Months ended 31/12/2020 (Unaudited)	Quarter ended 31/12/2019 (Unaudited)
1	Total Income from Operations(net)	58,824.45	1,68,587.37	63,103.09	3,36,345.80	7,96,464.15	3,10,899.25
2	Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items)	33,278.63	95,735.15	29,718.97	85,443.13	2,14,878.90	56,058.38
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax))	33,278.63	95,735.15	29,718.97	86,731.93	2,16,520.18	55,202.53
4	Net Profit/(Loss) for the period after tax (after Exceptional items)	24,751.27	71,798.78	22,213.59	65,026.44	1,61,490.68	40,875.24
5	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	24,718.16	71,691.71	22,158.29	65,075.96	1,61,332.30	40,837.24
6	Equity Share Capital (face value of Rs.10/- each)	56,421.14	56,421.14	56,406.33	56,421.14	56,421.14	56,406.33
7	Reserves (excluding Revaluation Reserve as shown in Balance Sheet)	-	-	-	-	-	-
8 i.	Earnings Per share (EPS)						
	a) Basic EPS (Rs.)	4.39	12.73	3.94	8.34	21.09	5.64
	b) Diluted EPS (Rs.)	4.39	12.73	3.93	8.34	21.09	5.64
	(face value of Rs. 10/- each)						

Notes:

1 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)

2 The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 10th February, 2021.

3 The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited

Place: Gandhinagar
Date: 10th February, 2021

Anil Mukim, IAS
Chairman & Managing Director

ગુડાના પ્લોટની હરાજી અન્વયે મુળ કીંમત કરતા ૪૩ ટકા ઉંચી બોલી

ગુડાએ પ્રથમવાર હરાજી કરી :૬ ઓકશનમાં કુડાસણ પ્લોટની હરાજીઅરજદારોએ ઉત્સાહથી ભાગ લીધો : સરગાસણમાં એક પણ અરજદારોએ ભાગ ન લીધો : હરાજીની પ્રકીયા મોકુફ

ગાંધીનગર તા ૧૦

ગુડા દ્વારા આજે પ્રથમવાર પ્લોટની હરાજી માટે પ્રકીયા હાથ ધરવામાં આવી હતી જયારે આ હરાજીની પ્રકીયા અન્વયે કુડાસણ પ્લોટને અનુલક્ષી અરજદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ગુડાને મુળ કિંમત કરતા ૪૩ ટકા ઉંચો ભાવ મળ્યો હતો જયારે સરગાસણમાં હરાજીની પ્રકીયા નિરસ રહી હતી. એક પણ અરજદારે ભાગ ન લેતા સરગાસણના પ્લોટને અનુલક્ષી હરાજીની પ્રકીયા રદ કરવાની ફરજ પડી હતી.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કુડાસણ અને સરગાસણમાં આજે પ્લોટની હરાજી પ્રકીયા હાથ ધરવામાં આવી હતી જયારે આ પૈકી કુડાસણમાં કોર્મશિયલ પ્લોટની હરાજી અન્વયે સવારે ૧૧ થી ૩ વાગ્યા સુધીમાં ૧૨૧ વાર બોલી લગાવી હતી કુડાસણમાં ૧૨૫૭૬ સ્કેવર મીટરના પ્લોટ માટે મુળ કીંમત કરતા ઉંચી બોલી લગાવાઇ હતી. ગુડાએ નિયત કરેલી પ્લોટની તળિયાની કીંમત કરતા ૪૩ ટકા ઉંચો ભાવ મળ્યો હતો. જયારે સરગાસણમાં રહેણાંકના પ્લોટની હરાજી અન્વયે એક ફણ અરજદારોએ ભાગ લીધો ન હતો. ગુડા દ્વારા આ પ્લોટની હરાજીને અનુલક્ષી બે વાર હરાજીની પ્રકીયા લંબાવામાં આવી હતી. પરંતુ કોઇ પ્રતિસાદ મળ્યો ન હતો. જેના લીધે આગામી દિવસામાં ગુડા કક્ષાએથી આ પ્લોટની પુન : હરાજી કરવા માટે પણ વિચારણ કરવામાં આવશે. અગર અન્ય પ્લોટની પણ હરાજી માટે પસંદગી કરવામાં આવે તેવી પણ સંભાવના છે. ગુડા દ્વારા હરાજીની પ્રકીયા પ્રથમવાર હાથ ધરવામાં આવતા કોર્મશિયલ પ્લોટ માટે અરજદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંતુ સરગાસણમાં પ્લોટની હરાજીને અનુલક્ષી એક પણ અરજદારોએ ભાગ લીધો ન હતો જેના લીધે આ કાર્યવાહી રદ કરવાની ફરજ પડી હતી.

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ તેમજ નવીન હોટલના નિર્માણની કામગીરી પુર્ણતાના આરે છે. ત્યારે બુધવારે હોટલ તેમજ સ્ટેશન વિસ્તારની રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લઇ સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. મુંબઇથી આવેલા રેલવેના જનરલ મેનેજર આલોક કંસલ ડિવિઝનલ રેલવે મેનેજર દિપકકુમાર ઝા સહીતના અધિકારીઓએ રેલવે સ્ટેશન વિસ્તારની મુલાકાત લીધી હતી.

કેશોદના કડવા પટેલ સમાજને સલામ : કે. જી. વણઝારા

ગાંધીનગર, તા. ૧૦

કેશોદ ખાતે મુસ્લિમ મોમના પટેલ કુટુંબ જે ઈસ્લામ ધર્મ છોડી પુનઃ હિન્દુ ધર્માવલંબી બન્યું છે તેનું કડવા પટેલ સમાજમાં આવકાર આપી તેમને આત્મસારી કહ્યાના નિર્ણય બદલ સમગ્ર સમાજને નિવૃત્ત અધિક સચિવ તથા એડવોકેટ કે.જી. વણઝારાએ અભિનંદન પાઠવવા સાથે પટેલ સમાજને સલામ કરી છે. ભારતના ઈતિહાસમાં સાચા સમસરસતાવાદી હિન્દુ શીવાજી મહારાજ અને દયાનંદ સરસ્વતી દ્વારા સ્થાપિત અભિયાનની યાદ કરાવતો આ અભૂતપૂર્વ નિર્ણય કરવા બદલ કડવા પટેલ સમાજને દૂરંદેશિતાનું ઉદાહરણ પુરૂ પાડ્યુ હોવાનું તેમણે જણાવ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT®
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT® BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com